ગુજરાત જાહેર સેવા આયોગ

સેકટર-૧૦/એ, "છ-૩" સર્કલની નજીક, "છ" રોડ, ગાંધીનગર-૩૮૨૦૧૦

## અગત્યની જાહેરાત

## જા.ક્ર.૯૧/૨૦૧૯-૨૦, ઓર્થોપેડીક્સ વિષયના મદદનીશ પ્રાધ્યાપક (વર્ગ-૧)

## જાહેરાતની જગ્યાઓમાં ફેરફાર

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હસ્તકની તબીબી શિક્ષણની જુદા જુદા વિષયોની મદદનીશ પ્રાધ્યાપક (વર્ગ-૧) સંવર્ગની સીધી ભરતીની જાહેરાતો જા.ક્ર. 84 to 107/2019-20, આયોગ દ્વારા તા.૧૫/૧૧/૨૦૧૯ના રોજ ઓનલાઇન ઉમેદવારી નોંધાવવા પ્રસિધ્ધ કરવામાં આવી હતી. તત્કાલીન સમયે વિભાગ દ્વારા આ જગ્યાઓની સંખ્યા નિવૃત્તિ, રાજીનામા કે બઢતી આપવા અથવા બીજા કોઈ પણ કારણસર વધ કે ઘટ થાય તેવી સંભાવના રહેશે તેમ જણાવવામાં આવેલ.તદ્નુસાર આયોગ દ્વારા પ્રસિધ્ધ કરેલ જાહેરાતોમાં આ જોગવાઇનો ઉલ્લેખ કરવામાં આવેલ છે.

ઉપર્યુક્ત જાહેરાતો પૈકી જા.ક્ર.૯૧/૨૦૧૯-૨૦, ઓર્થોપેડીક્સ વિષયના મદદ.પ્રાધ્યાપક (વર્ગ-૧)ની જાહેરાતમાં મૂળ માંગણીપત્રકમાં દર્શાવેલ જગ્યાઓ મુજબ કુલ ૨૯ જગ્યાઓ માટે અગાઉ આયોગ દ્વારા જાહેરાત આપવામાં આવેલ હતી. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા તાજેતરમાં કરવામાં આવેલ કુલ ૧૮ વધુ જગ્યાઓની દરખાસ્તને ધ્યાને લેતાં મૂળ જાહેરાતોમાં દર્શાવેલ જગ્યાઓમાં વધારો થતાં હવે કુલ ૪૭ જગ્યાઓ (મહિલા માટે અનામતની મળવાપાત્ર જગ્યાઓ સહિત) ધ્યાને લેવાની રહે છે અર્થાત નીચેના કોષ્ટકમાં દર્શાવેલ સંખ્યા મુજબ ભરતી પ્રક્રિયા હાથ ધરાશે. અલબત્ત મૂળ જાહેરાતમાં દર્શાવેલ શારીરિક રીતે અશક્ત ઉમેદવાર માટે ૦૧ જગ્યા અનામત યથાવત રહેશે.જેની સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવા વિનંતી છે.

| કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | | | | | 3 | | | | |
| | સામાન્ય | EWS | સા.શૈ. પ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સામાન્ય | EWS | સા.શૈ. પ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જન જાતિ |
| ૪૭ | ૨૧ | ૦૫ | ૧૩ | ૦૩ | ૦૫ | ૦૬ | ૦૧ | ૦૪ | ૦ | ૦૧ |

સંયુક્ત સચિવ
ગુજરાત જાહેર સેવા આયોગ

તા. ૦૨/૦૨/૨૦૨૧